**Publication: Financial Express** **Date: Wednesday, 13th January, 2016**

**Edition: Ahmedabad**

# ઈન્ડિયાફર્સ્ટ લાઈફ પેન્શન ક્ષેત્રમાં પ્રવેશી, નિવૃત્તિ યોજના રજૂ કરી

**પીટીઆઈ**
નવી દિલ્હી,તા.૧૨

ખાનગી ક્ષેત્રની ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ જે બેન્ક ઓફ બરોડા, આંધ્ર બેન્ક અને લિગલ એન્ડ જનરલ ઓફ ધ યુકે વચ્ચે સ્થપાયેલ સંયુક્ત સાહસ છે તે ૯ ટકાની ગેરેન્ટીડ રિટાયર્મેન્ટ પ્લાન લોંચ કરવા સાથે દાખલ થઈ છે. ઈન્ડિયાફર્સ્ટ ગેરેન્ટીડ રિટાયર્મેન્ટ પ્લાન નોન-લિન્કડ, પાર્ટિસિપેટિંગ, એન્ડોવમેન્ટ, ડિફર્ડ પેન્શન પ્લાન છે. આ યોજના ગ્રાહકો માટે છે કે જે તેમની નિવૃત્તિ



માટે યોજના ધરાવવા સજાગ છે અને નાણાકીય રીતે યુવાન રહેવા માગે છે એમ ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યોરન્સના મેનેજીંગ ડાયરેક્ટર એન્ડ સીઈઓ આર એમ વિશાખા છે. તેમણે કહ્યું હતું કે શરૂઆતી વર્ષ દરમિયાન કુલ ચૂકવેલ પ્રિમિયમના ૯ ટકાનું ગેરેન્ટીડ વળતર ઓફર કરે છે જે સુરક્ષિત અને સલામત લાંબા-ગાળાની નાણાકીય યોજના ઓફર કરે છે અને પાછળના વર્ષોમાં કંપનીના નફામાં ભાગ મેળવવાનો લાભ ધરાવે છે. વધારામાં, તે પોલિસી ધારકોને પ્રિમિયમ ચૂકવણીમાં લવચિકતા ઓફર કરે છે. ગ્રાહક સિંગલ પ્રિમિયમ મોડ હેઠળ એક વખત ચૂકવણી કરવાની પસંદગી કરી શકે છે અથવા ૧૦ થી ૩૫ વર્ષના સમયગાળાની યોજના માટે ૫ થી ૧૦ વર્ષના મર્યાદિત સમયગાળા માટે ચૂકવણી કરી શકે છે અથવા ૧૫ થી ૩૫ વર્ષ વચ્ચે કોઈપણ સમયે ૧૦ વર્ષની પ્લાન ટર્મ પસંદ કરી શકે છે. પોલિસી ધારક જે ૪૦-૮૦ વર્ષ વચ્ચે ભંડોળ મેળવવાનો વિકલ્પ ધરાવે છે, તેને આવક વેરા ધારા પ્રમાણે ચૂકવેલ પ્રિમિયમના કર લાભ પણ મળશે.

A Joint Venture of
Bank of Baroda Legal & General Andhra Bank